# શેષ નાટકો

ઉમાશંકર જોશી

સંપાદન
સ્વાતિ જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

# નિવેદન

ઉમાશંકર જોશીનાં અપ્રગટ અને અગ્રંથસ્થ નાટકોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમનાં એકાંકીઓ *સાપના ભારા* (૧૯૩૬) અને *હવેલી* (૧૯૭૭) નાટ્યસંગ્રહોમાં પ્રકાશિત થયેલાં છે. [*હવેલી*માં *શહીદ* (૧૯૫૧) નાટ્યસંગ્રહનાં નાટકો ઉપરાંત બીજાં ત્રણ નાટકો – 'હવેલી', 'હળવાં કર્મનો હું નરસૈંયો' અને 'ઈફિજિનિયા' – ઉમેરીને *શહીદ* નાટ્યસંગ્રહ રદ કરેલો.] અહીં બે નાટકો – 'વૈષ્ણવજન' અને 'અનાથ' – જે સામયિકોમાં પ્રકાશિત થયેલાં તે મૂક્યાં છે. 'ચોપડીઓના કિલ્લા' પાઠ્યપુસ્તકમાં સમાવેશ પામેલું તે પણ અહીં મૂક્યું છે.

પરંતુ આ પુસ્તકમાં મુખ્યત્વે નાટકો અને નાટ્યાંશોની જે હસ્તપ્રતો મળી છે તે મૂકી છે. એમની વીસાપુર જેલની નોટબુકમાં *સાપના ભારા*નાં ચાર એકાંકીઓ 'સાપના ભારા', 'બારણે ટકોરા', 'ઉડણ ચરકલડી' અને 'ખેતરને ખોળે' તેમ જ એમનું પ્રથમ એકાંકી 'શહીદનું સ્વપ્ન' મૂળ લખાયેલાં. એ જ નોટબુકમાં બીજાં બે નાટકોની હસ્તપ્રત મળી. 'દીકરી દીવો!' એ શીર્ષકથી એક નાટક આ દરમિયાન લખાયું હતું. બીજું નાટક જે નોટબુકમાં બે જુદી જુદી જગ્યાએ લખાયું છે તેનું શીર્ષક નથી, પરંતુ નોટબુકના એક પાનાં પર આપેલી કૃતિઓની યાદીમાં 'મધુબંસરી' કૃતિનો ઉલ્લેખ છે, જે આ નાટકનાં મુખ્ય બે પાત્રો છે. એ ઉપરથી અહીં એ નાટકનું શીર્ષક 'મધુબંસરી' આપ્યું છે.

આ ઉપરાંત ૧૯૩૦માં ઉમાશંકરને સાબરમતી જેલમાં માનવ-ઇતિહાસલક્ષી ત્રિઅંકી દીર્ઘ નાટક સૂઝેલું તેનાં ત્રણ દશ્યો – પ્રાચીન પ્રજાઓનો મેળો, વર્સાઈની સુલેહ અને ધારાસણા સંગ્રામ – પણ આ નોટબુકમાં લખેલાં મળ્યાં. આ જ નાટકના પહેલા અંકનાં બે દશ્યો અને બીજા અંકના પહેલા દશ્ય –'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' –ની હસ્તપ્રતો છૂટા

કાગળો પર લખેલી મળી આવી. પહેલા અંકનાં દશ્યો કદાચ સાબરમતી જેલમાં પણ લખાયાં હોય. નાટકના થોડા અંશો એ નાટક ત્યાં સૂઝ્યું ત્યારે લખાયા હોવાનો ઉલ્લેખ એમણે 'કવિતા, આત્માની માતૃભાષા' (*થોડુંક અંગત*, પૃ.૫૭)માં કર્યો છે. 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' એ દશ્ય ૧૯૩૧માં એમના ગૂજરાત વિદ્યાપીઠનિવાસ દરમિયાન લખાયું હતું. પહેલા અંકની રૂપરેખા એમણે વિદ્યાપીઠનિવાસ દરમિયાન આલેખેલી એનો ઉલ્લેખ 'પ્રકાશના ધોધ અમોઘ ઝીલતી ધપે ધરા...'(*થોડુંક અંગત*, પૃ. ૮૭)માં કર્યો છે. આ બે દશ્યો અને 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' દશ્યનાં કાગળો અને શાહી એકસરખાં છે તેથી આ દશ્યો વિદ્યાપીઠનિવાસ દરમિયાન લખાયાં હોય એ પણ સંભવ છે. ટૂંકમાં, આ દીર્ઘ નાટકના પહેલા બે અંકોનાં દશ્યોની હસ્તપ્રતો મળી તે અહીં 'નાટ્યાંશો–૧' શીર્ષક નીચે મૂકી છે. દશ્યોનાં શીર્ષકો નોટબુકનાં પૂંઠાં પર લખેલાં તે આપ્યાં છે. બીજા અંકના બીજા દશ્યના વિષ્કંભક તેમજ ત્રીજા અંક વિશે કોઈ લખાણ મળ્યું નથી. આ કૃતિ આખી લખાઈ નથી એનો ઉલ્લેખ એમણે કરેલો છે. (*થોડુંક અંગત*, પૃ.૫૭)

આ દીર્ઘ નાટકની શરૂઆત ૧૯૩૦માં જ્યારે ઉમાશંકરની ઉંમર કેવળ ઓગણીસ વર્ષની હતી ત્યારે થઈ હતી અને ૧૯૩૨માં એનાં ત્રણ દશ્યો લખાયાં હતાં. આ સમય એમના બૌદ્ધિક ઘડતરનો સમય હતો. એના પાયામાં આ નાટકની મહત્ત્વાકાંક્ષી વિચારણા હતી. આ નાટકનું બીજ પ્રથમ અંકના પ્રથમ દશ્યમાં પ્રગટ થયું છે: 'વિશ્વને આંગણ વેરવા મારે – પ્રેમભીના સંદેશ': વિશ્વમાં પ્રેમતત્ત્વની પ્રતિષ્ઠા. બીજું દશ્ય ગ્રહમાલાનું છે જેમાં બીજા ગ્રહો પૃથ્વીને દોષ દે છે કે એને લીધે સૂર્ય-ગ્રહમાલા વગોવાય છે. ત્રીજું દશ્ય પ્રાચીન મહાપ્રજાઓ અને ધરતી વિશે છે. બીજા અંકમાં માનવજાતિના ઇતિહાસની મુખ્ય ક્ષણોને સ્પર્શવાનો પ્રયત્ન છે. પહેલું દશ્ય 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' છે. બીજું દશ્ય પહેલા વિશ્વયુદ્ધના અંતે વર્સાઈ કરાર પર સહીઓ થઈ રહી છે તે જ સમયે પૅરિસના એક કાફેમાં જુદા જુદા દેશોની કેટલીક વ્યક્તિઓના ઉગ્ર પ્રતિભાવો અને તીવ્ર આશંકાઓ અંગે છે. ત્રીજું દશ્ય યુદ્ધના વિકલ્પ તરીકે સમૂહ સત્યાગ્રહના નિર્દેશનું – ધારાસણા સત્યાગ્રહનું છે. ત્રીજો અંક જે લખાયો નથી એ પૃથ્વીની મહાપ્રજાઓ વચ્ચે સંવાદના ઉદય અંગે કલ્પાયેલો છે.

ઉમાશંકરને મન આ નાટકનું મહત્ત્વ ખાસ તો એ હતું કે એ નિમિત્તે કવિ થવાની તૈયારી માટે એમને એક આખો અભ્યાસક્રમ અનાયાસે મળી ગયો. એમની વૈચારિક ભૂમિ આ સમયે આકાર લઈ રહી હતી. આ સ્વાધ્યાય દરમિયાન અનેક કાવ્યકૃતિઓ રચાઈ જેના 'એક ફણગારૂપે' (*થોડુંક અંગત*, પૃ.૫૭) 'વિશ્વશાંતિ' કાવ્ય પણ લખાઈ ગયું. એમણે એ પણ કહ્યું છે કે વીસાપુર જેલની આ નોટબુક એ ક્યારેક ક્યારેક હાથમાં લેતા પણ એ દશ્યો એમણે ફરી વાંચ્યાં ન હતાં કે નહોતી એની પાકી નકલ સુધ્ધાં કરી.(*થોડુંક અંગત*, પૃ. ૮૭) ૧૯૮૫માં ઇતિહાસકાર પ્રો. બિપનચંદ્ર અને પ્રો. મૃદુલા મુખરજીને આપેલી મુલાકાતમાં પણ પોતાના ટેબલનાં ખાનામાં જેલની એ નોટબુક પડી છે એનો ઉલ્લેખ કરી વિસ્તારથી આ નાટક વિશે વાત કરી છે. એમના મનમાં આ નાટક છેક સુધી હતું અને એમના બૌદ્ધિક ઘડતરમાં એનું કેટલું મહત્ત્વ હતું તેમ જ એને મઠારવાની એમની ઇચ્છા હતી એમ આ ઉલ્લેખો પરથી જણાય છે. અહીં જે સ્વરૂપમાં હસ્તપ્રતો મળી છે એ જ સ્વરૂપમાં એમને મૂકી છે.

આ ઉપરાંત બીજાં બે નાટકોના અંશો હસ્તપ્રતરૂપે મળ્યાં છે તે 'નાટ્યાંશો–૨' અને 'નાટ્યાંશો–૩' તરીકે અહીં આપ્યા છે. 'નાટ્યાંશો–૨' એ 'મહેરામણ બંધાણી' વાર્તા લખી એ પૂર્વે એ જ પાત્રની આસપાસ નાટક લખવાનો પ્રયત્ન જણાય છે. નાટકનો સમય અમદાવાદમાં દારૂબંધી દાખલ થઈ એની સહેજ પહેલાંનો, ૧૯૩૮નો છે, જ્યારે 'મહેરામણ બંધાણી' વાર્તા દારૂબંધી પછીના સમયમાં, ૧૯૩૯માં, મજૂરોના એની સામેના 'સત્યાગ્રહ' વિશે છે. 'નાટ્યાંશો–૩' એ મિત્રો અને પત્ની સાથેના કવિના સંવાદ વિશે છે. એક નાટકની પૂરી હસ્તપ્રત, શીર્ષક વગર મળી તેને 'લગ્નભેટ' શીર્ષક આપ્યું છે. આ હસ્તપ્રતો ક્યાં અને ક્યારે લખાઈ તેનો ઉલ્લેખ નથી.

ઉમાશંકરે કહ્યું છે તેમ ૧૯૩૦માં સ્ફુરેલું દીર્ઘ નાટક અનેક કાવ્યોનું બીજરૂપ હતું. આ નાટક એમની વૈચારિક ભૂમિની સૌ પ્રથમ અભિવ્યક્તિ હતું જેમાંથી પછીની બીજી ઘણી કૃતિઓ જન્મી. 'મધુ-બંસરી' નાટકમાં પણ તે સમયે લખેલાં ઘણાં કાવ્યો ગૂંથેલાં છે. 'ભોમિયા વિના' કાવ્ય તો આ નાટકના ભાગરૂપે જ મૂળ લખાયેલું. *કુમાર* (ભાદરવા ૧૮૮૮)માં 'અટૂલો' શીર્ષકથી પ્રસિદ્ધ થયું ત્યારે 'એક અપ્રકટ નાટકમાંથી' એને લીધેલું હોવાનો ઉલ્લેખ છે. (*કુમાર*, સપ્ટેમ્બર, ૧૯૩૨, પૃ. ૪૬૪). 'વૈષ્ણવજન'માં પણ 'વિશ્વશાંતિ'

કાવ્યના અંશો છે. કવિમિત્રો અને કવિપત્ની વિશેના 'નાટ્યાંશો–૩'માં પણ કાવ્યકડીઓ જોડી છે. આ નાટકો અને નાટ્યાંશો આમ ઉમાશંકરના કેવળ નાટ્યસર્જનને જ નહીં પરંતુ સમગ્ર કાવ્યસર્જનને સમજવા માટે પણ એક વિશિષ્ટ પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે.

હસ્તપ્રતોના કેટલાંક પૃષ્ઠો પરિશિષ્ટ સ્વરૂપે આપ્યાં છે. હસ્તપ્રતોમાં જ્યાં જ્યાં વિકલ્પો મૂક્યા છે તે જે તે પૃષ્ઠની નીચે આપ્યા છે. નાટકોની હસ્તપ્રતો ઉકેલવામાં અપૂર્વ આશરની ઘણી મદદ મળી છે એ માટે એમની આભારી છું.

**સ્વાતિ જોશી**

અમદાવાદ
૪ નવેમ્બર, ૨૦૧૧

# અનુક્રમ

મધુ-બંસરી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧
દીકરી દીવો! . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૧
અનાથ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૮
ચોપડીઓના કિલ્લા . . . . . . . . . . . . . . . . . . . ૬૩
લગ્નભેટ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૭૪
વૈષ્ણવજન . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૮૧
નાટ્યાંશો–૧ . . . . . . . . . . . . . . . . . . . . . . ૯૩
નાટ્યાંશો–૨ . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૩૫
નાટ્યાંશો–૩ . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૩૭

પરિશિષ્ટઃ હસ્તપ્રતોનાં પૃષ્ઠો. . . . . . . . . . . . . . . . . . ૧૪૩